# જ્ઞાનયાત્રાના ૪ ચરણો

૧. જિજ્ઞાસા

૨. આત્મ-નિરીક્ષણ

૩. પ્રયોગ

૪. પ્રસાદ



# હૈયાનો હાર બનાવી દેશો

(મહોપાધ્યાય યશોવિજયજીના) આ ચોવીસ સ્તવનો અદ્ભુત છે. પ્રભુની સાથે આત્માને એકમેક બનાવવા માટે એ ૨૪ સ્તવનો કરતાં બીજી કોઈ ચીજ વધારે સહેલી હજુ સુધી મારા અનુભવવામાં આવી નથી. એ નાનકડા સ્તવનોનો એક એક અક્ષર અર્થ-ગાંભીર્યથી ભરેલો છે. શાસ્ત્રોનો અધિક બોધ થયા પછી જ તેની અર્થ-ગંભીરતાનો ખરો ખ્યાલ આવે છે. બીજાં સ્તવનો મોઢે થાય કે ન થાય, તેની ફિકર નહિ પણ આ ચોવીસને તો કદી ભુલાય નહિ, એવી મારી ફરી ફરીને ભલામણ છે. એમાં જે છે તે પ્રાયઃ ભાષામાં બીજે મળવાનું નથી. એનું એકેક પદ સેંકડો વાર બોલશો તો પણ નવો નવો ભાવ ઝર્યા જ કરશે. એવું પ્રાયઃ બીજી કૃતિઓમાં ઓછું જ બને છે; માટે તેને હૈયાનો હાર બનાવી દેશો.

- પ. પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ